# સપના કરો સાકાર

## ધો. ૬ થી ૯, ૧૧ સાયન્સ (ગુ.મા.)

**તા. ૨૬/૯/૨૫ :**

વિદ્યાર્થીઓ અભ્યાસની સાથે-સાથે પોતાના ભરૂચ શહેરની વિવિધ સંસ્થાઓને પ્રત્યક્ષ રીતે નિહાળે, તેના વિશે ઊંડાણપૂર્વક માહિતી મેળવે, તેની કામગીરીને જુએ તે હેતુથી શાળામાં "સપના કરો સાકાર" કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ધો. ૬ થી ૧૨ના વિદ્યાર્થીઓએ વર્ગવાર અલગ-અલગ વિવિધ સંસ્થાઓની મુલાકાત લીધી હતી. જેમ કે વૃધ્ધાશ્રમ, નારી સરક્ષણ ગૃહ, એ-ડિવીઝન પોલીસ સ્ટેશન, કે. જે. ચોકસી લાઇબ્રેરી, હોમિયોપેથી હોસ્પિટલ, ખેતીવાડી કોલેજ, દૂધ ધારા ડેરી, ફાયર સ્ટેશન, વગેરે સંસ્થાઓની મુલાકાત લીધી.

**ધો. ૬-અ : નાં કુલ- ૪૬ વિદ્યાર્થીઓએ સોનેરી મહેલ એ-ડિવીઝન પોલીસ સ્ટેશનની મુલાકાત લીધી હતી.**

આ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ વિભાગ, વાયરલેસ વિભાગ, પાસપોર્ટ વિભાગ, કોમ્પ્યુટર વિભાગ વગેરે વિભાગોનું નિદર્શન કરાવ્યું હતું. શસ્ત્રો વિભાગમાં વિવિધ શસ્ત્રો પ્રેક્ટીકલ સહિત બનાવવામાં આવ્યાં હતાં. જેમાં અશ્રુગેસ તેમજ માત્ર અવાજ આવે એવા શસ્ત્રોનું પ્રત્યક્ષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ કેદીઓની પણ મુલાકાત કરાવવામાં આવી હતી. રસ્તા પર લગાવેલ કેમેરા વડે વાહનોને ઓનલાઇન દંડ કેવી રીતે થાય છે તે પણ બતાવ્યું હતું.

**કન્વી. શિક્ષક: પલ્લવીબેન મહિડા, અરવિંદભાઇ પરમાર**






**ધો. ૬-બ : નાં કુલ - ૪૬ વિદ્યાર્થીઓએ ભરૂચ શહેરની ખ્યાતનામ એવી કે.જે. ચોકસી લાઇબ્રેરીની મુલાકાત લીધી.**

પુસ્તકો માનવજીવનનાં સાચા મિત્રો છે. વિદ્યાર્થીનું જ્ઞાન વધારવામાં, વિચાર શકિત વિકસાવવામાં તેમજ અભ્યાસ મજબૂત બનાવવામાં પુસ્તકો બહુ અગત્યની ભૂમિકા ભજવે છે. જે હેતુથી લાઇબ્રેરીની મુલાકાત લેવામાં આવી. લાઇબ્રેરીનાં ઇન્ચાર્જ શ્રી નરેન્દ્રભાઇ સોનારે વિદ્યાર્થીઓને પુસ્તકોનું મહત્વ સમજાવી ચોકસી લાઇબ્રેરીની ઊંડાણપૂર્વક માહિતી આપી હતી. અને બાળકોને જીવનમાં પુસ્તકો વાંચવા અનુરોધ કર્યો હતો.

**કન્વી. શિક્ષક: અદિતિબેન જોરાવીયા, કંચનબેન પરમાર**





**• ધો. ૭-અ : કુલ ૫૯ વિદ્યાર્થીઓ ભરૂચ ખેતીવાડી કોલેજની મુલાકાત લીધી.**

અહી તેમણે ખેતી સંબંધિત ઘણી સારી માહિતી મેળવી સાથે મ્યુઝિયમમાં ખેતીનાં વિવિધ પાકો, તેના ઉછેરનાં કિટકો નિહાળ્યાં. ત્યારબાદ ગ્રીન હાઉસની મુલાકાત લીધી. જેમાં છોડને પ્રત્યક્ષ નિહાળી તેની ઉપયોગીતાની સમજ આપી.

**કન્વી. શિક્ષક: હિનાબેન ભાવસાર, સંધ્યાબેન પરમાર**






**પ્રશ્ન પૂછનાર વિદ્યાર્થી જ સાચો શીખનાર બને છે.**